શાહરૂખના વાનખેડે સ્ટેડિયમમાં પ્રવેશ ઉપર ૫ વર્ષનો પ્રતિબંધ

મુંબઈ, તા.૧૮

કોલકાતા નાઈટ રાઈડર્સના માલિક અને બોલિવુડના ટોચના અભિનેતા શાહરૂખ ખાન પર બુધવારે મોડી રાત્રે વાનખેડા સ્ટેડિયમમાં મુંબઈ ક્રિકેટ એસોસીએશનના અધિકારીઓ સાથે ખરાબ વર્તન કરવા બદલ પાંચ વર્ષનો પ્રતિબંધ ફટકારવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશને શાહરૂખ પર પાંચ વર્ષનો પ્રતિબંધ લાદતા શાહરૂખના ચાહકોને નિરાશા હાથ લાગી છે. શાહરૂખને પણ એમસીએના અધિકીરીઓ સાથે ખરાબ વર્તન અને ગાળાગાળી કરવાનું ભારે પડયું છે. દરમિયાન આઈપીએલના કમિશનર રાજેશ શુકલાએ આ ચુકાદા અંગે પ્રતિક્રિયા કરતા જણાવ્યું છે કે આ મામલામાં અંતિમ નિર્ણય બીસીસીઆઈ કરશે. આ રીતે શાહરૂખના મામલામાં હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન આમને સામને આવી ગયા છે. એમસીએના અધ્યક્ષ વિલાસરાવ દેશમુખે કહ્યું છે કે શાહરૂખ ખાને અશ્લિલ શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

શાહરૂખ ખાને હજુ પણ પોતાના વર્તન ઉપર કોઈપણ દુઃખ નથી જેથી એમસીએ દ્વારા પોતાના અધિકારોનો ઉપયોગ કરીને તેમના ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. વિલાસરાવ દેશમુખે કહ્યું છે કે વાનખેડા સ્ટેડિયમ ઉપર અમારો અધિકાર છે અને આ નિર્ણય લેતી વેળા બીસીસીઆઈ અને આઈપીએલના મામલામાં કોઈ વિચારણા કરી નથી. દેશમુખે કહ્યું છે કે શાહરૂખ ખાન પાંચ વર્ષ સુધી એક ચાહક તરીકે પણ વાનખેડા સ્ટેડિયમમાં મેચ નિહાળી શકશે નહીં. શાહરૂખ ખાનની સામે પોલીસ કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. બુધવારની રાત્રે સ્ટેડિયમ ઉપર એમસીએના અધિકારીઓ અને સિક્યુરિટી અધિકારીઓ સામે શાહરૂખ ખાને ખરાબ વર્તન કર્યું હતું. ગાળો પણ બોલી હતી. જેના પરિણામ સ્વરૂપે મામલો બિચક્યો હતો અને મારામારી પણ થઈ હતી. શાહરૂખની સામે અધિકારીઓએ કેસ પણ દાખલ કર્યો છે. ગુરુવારના દિવસે શાહરૂખ અને અન્ય ત્રણ લોકોની સામે કેસ નોંધાવવામાં આવ્યો હતો. એક આઈપીએસ અધિકારીએ કહ્યું છે કે વાનખેડા સ્ટેડિયમમાં તૈનાત સુરક્ષા અધિકારી વિકાસ દાલવીએ શાહરૂખ અને અન્યની સામે ફરિયાદ કર્યા બાદ કેસ દાખલ કરાયો છે. આ અગાઉ મુંબઈ ક્રિકેટ એસોસીએશનના સંયુક્ત સચિવ નિતીન દલાલે આ ઘટનાના સંબંધમાં શાહરૂખ ખાન અને અન્યની સામે મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. અધિકારીએ કહ્યું હતું કે શાહરૂખ ખાન અને અન્ય ત્રણની સામે આઈપીસીની કલમ ૩૨૩ અને ૫૦૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. દાલવીએ ફરિયાદ કર્યા બાદ પોલીસે આ ઘટનામાં તપાસ શરૂ કરી દીધી છે. આશરે બે કલાક સુધી સંબંધિત લોકોના નિવેદન નોંધવામાં આવ્યા છે. વધુ કેટલાક લોકોને બોલાવવામાં આવે તેવી પણ શક્યતા છે.

શાહરૂખ ખાનની બ્રાન્ડ દિનપ્રતિદિન લોકપ્રિયતા ગુમાવી રહી છે

મુંબઈ, તા. ૧૮

બોલિવૂડ સુપર સ્ટાર શાહરૂખ ખાનની થોડાક વર્ષ પહેલા સુધી સૌથી વધુ બોલબાલા હતી અને તેના નામથી બ્રાન્ડનું વેચાણ થતું હતું પરંતુ તાજેતરમાં જ કેટલીક નિષ્ફળ ફિલ્મો ફ્લોપ થયા બાદ અને મુંબઈ ક્રિકેટ સ્ટેડીયમ ખાતે અધિકારીઓ સાથે મારામારીના કારણે તેની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. શાહરૂખ ખાનની બ્રાન્ડ દિનપ્રતિદિન લોકપ્રિયતા ગુમાવી રહી છે. છેલ્લા થોડાક વર્ષમાં શાહરૂખ ખાને કોઈપણ મોટી જાહેરાત સમજૂતી કરી નથી. મોટાભાગની કંપનીઓ પણ માનવા લાગી છે કે યુવા પેઢીને આકર્ષિત કરવા માટે શાહરૂખ ખાનનું નામ હવે વધારે ચાલતું નથી. આવી સ્થિતિમાં અન્ય ઉભરતી હસ્તીઓ તરફ કંપની વળી રહી છે. અલબત્ત શાહરૂખ ખાન પાસે હજુ પણ ડઝનથી વધુ બ્રાન્ડ છે પરંતુ નવી જાહેરાતો તેને મળી રહી નથી. જુદા જુદા પ્રકારના વિવાદોના કારણે શાહરૂખ ખાનની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. ા ઉપરાંત વધતી વયના લીધે પણ તેની પ્રતિષ્ઠા ઘટી રહી છે. એક ટેલેન્ટ મેનેજમેન્ટ એજન્સીની એમડીએ

કહ્યું છે કે વિવાદના કારણે સારા બ્રાન્ડ એમ્બેસેડની પ્રતિષ્ઠાને ફટકો પડે છે. કોઈપણ માર્કેટસ એવી સેલિબ્રિટીથી દૂર રહેવાનું પસંદ કરે છે જે વિવાદના ઘેરામાં છે. મુંબઈ ક્રિકેટ એસોસીએશનના અધિકારીઓ સાથે તેની મારામારી શાહરૂખ ખાનને વધારે નુકસાન પહોંચાડશે. લાંબા સમયથી શાહરૂખ ખાન જેના માટે બ્રાન્ડ એમ્બેસેડર હતો તે કોલાની કંપની પેપ્સીકોએ વર્ષ ૨૦૦૮માં શાહરૂખ ખાનને પડતો મૂકી દીધો હતો અને ત્યારબાદ રણબીર કપૂર સાથે કરાર કરાયો હતો. ત્યારબાદ મોટી ટેલિકોમ કંપની એરટેલે પણ શાહરૂખ ખાન સાથે કરાર લંબાવ્યો નથી. જો કે એરટેલે શાહરૂખ ખાન સાથે સત્તાવાર રીતે સંબંધ તોડી દેવાની વાત કરી નથી. હાલ શાહરૂખ પાસે ડઝન જેટલી જાહેરાત છે જેમાં વી-ઝોન, નવરત્ન, ડાબર સોનાં ચાદી, લક્સ કોઝી, લિંક પેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હોન્ડાઈની જાહેરાતમાં પણ કામ કરી રહ્યો છે. શાહરૂખ ખાનની જાહેરાતનો રેટ પણ ઘટ્યો નથી. તે હાલ દરરોજ ૧.૫ કરોડનો ચાર્જ લે છે. જો કે આમિર ખાનની સરખામણીમાં તેની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે.

૨૦મી મેથી આઈપીએલ સામે આંદોલન ઉપર ઉતરવાની કિર્તી આઝાદે કરેલી જાહેરાત

નવી દિલ્હી, તા.૧૮

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમીયર લિગ (આઈપીએલ)માં થઈ રહેલા તમાશા અંગે હવે તમામ સાંસદો પણ મેદાનમાં ઉતરી ગયા છે. આઈપીએલની પાંચમી સિઝનમાં એક પછી એક વિવાદો સપાટી ઉપર આવી રહ્યાં છે. સ્પોટ ફિક્સીંગ, શાહરૂખ ખાનના મારામારીના બનાવ અને હવે અમેરિકી મહિલા સાથે રોયલ ચેલેન્જર્સના ખેલાડી દ્વારા છેડછાડના મામલાથી આઈપીએલની પ્રતિષ્ઠાને મરણતોળ ફટકો પડ્યો છે. સાંસદો પણ મેદાનમાં આવી ગયા છે. આઈપીએલ સામે લોકોની નારાજગી સામે હવે સાંસદો પણ આક્રમક બની ગયા છે. આજે સંસદ સભ્યોએ પણ નારાજગી વ્યક્ત કરી હતી. ભાજપના વરીષ્ઠ નેતા અને ભુતપૂર્વ ક્રિકેટર કિર્તી આઝાદે માંગ કરી હતી કે આઈપીએલને બંધ કરી દેવાની જરૂર છે. ૨૦મી મેથી આઈપીએલ સામે આંદોલન ઉપર ઉતરવાની કિર્તી આઝાદે જાહેરાત

કરી હતી. તેમણે કહ્યું હતું કે ફિરોઝ શાહ કોટલા મેદાન ખાતે તેઓ ૨૦મી મેથી હડતાળ ઉપર જશે અને ઉપવાસ કરશે. આઝાદે કહ્યું હતું કે તેમની સાથે ભુખ હડતાળમાં ક્રિકેટરો અને સીવીલ સોસાયટીના સભ્યો પણ જોડાશે. આઈપીએલ હવે માત્ર મનોરંજન છે. વિદેશી હુંડિયામણનો ભંગ થઈ રહ્યો છે. એક પછી એક ખેલાડિઓના મામલા સપાટી ઉપર આવી રહ્યા છે. કોઈ વ્યક્તી શરાબ પીને ક્રિકેટ મેદાન ઉપર જાય છે. જ્યાં મેચ બાદ કોઈને પણ જવાની મંજૂરી આપાતી નથી. બીજી બાજુ ભાજપના અન્ય એક સભ્ય યશવંત સિંહાએ કહ્યું હતું કે આ આઈપીએલ નથી બલ્કી રેવ પાર્ટી છે. આઈપીએલ ભારતીય સંસ્કૃતીની બિલકુલ વિરોધમાં છે. તેમણે કહ્યું હતું કે જો અર્ધનગ્ન યુવતીઓ દરેક ચોગ્ગા ઉપર ડાન્સ કરતી નજરે પડશે તો ચોક્કસ પણે તેની પ્રતિકુળ અસર થશે. આઈપીએલના આ ફોર્મેટને રદ કરીને નવા નિયમો અપનાવવા જોઈએ. જનતાદળ યુનાઈટેડના સભ્ય શરદ યાદવે પણ આ મામલાની તરત નોંધ લેવા કહ્યું છે. રાષ્ટ્રીય જનતા દળના નેતા લાલુ પ્રસાદ યાદવે આઈપીએલને બંધ કરવાની રજુઆત કરી છે.

શિરડીમાં બે શ્રદ્ધાળુઓએ ૬૦ લાખની કિંમતનું સોનું દાન કર્યું

શિરડી, તા.૧૮

શિરડીમાં દાન આપનાર શ્રદ્ધાળુ કિંમતી ચીજવસ્તુઓ આપવામાં પીછે હઠ કરતા નથી. સાઈબાબાના ખજાનમાં હવે ૨૮૦ કિલોગ્રામ સોનું અને ૩૦૦૦ કિલોગ્રામ ચાંદી છે. ઉપરાંત ૩ કરોડ રૂપિયાની કિંમતના ડાયમંડની વસ્તુઓ પણ પડેલી છે. મળેલી માહિતી મુજબ બે શ્રદ્ધાળુઓએ હવે સાઈબાબાને દાન રૂપે જુદી-જુદી ચીજવસ્તુઓ આપી છે.

હવે બે શ્રદ્ધાળુઓએ ૬૦ લાખની કિંમતની સોનાની વસ્તુઓ આપી છે. દિલ્હીના એક શ્રદ્ધાળુએ ૧.૫ કિલોગ્રામની સોનાનો ઘંટ આપ્યો

છે. જ્યારે મુંબઈના એક વ્યક્તીએ ૯૦૦ ગ્રામની સોનાની વસ્તુ આપી છે. છેલ્લા પાંચ વર્ષના ગાળા દરમિયાન સંસ્થાને શ્રદ્ધાળુઓ પાસેથી જુદી જુદી વસ્તુઓ મળી રહી છે. દેશના જુદા જુદા ભાગોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. અને કિંમતી ચીજવસ્તુઓ દાનમાં આપે છે. શિરડી મંદિરમાં પણ દેશમાં સૌથી વધુ દાન જ્યાં મળે છે તે પૈકી એક છે. શિરડીમાં દર્શન કરનાર શ્રદ્ધાળુઓની સંખ્યા હવે લાખોમાં પહોંચી ગઈ છે.

કૃષ્ણા જુલાઈમાં પાકિસ્તાનમાં ત્રાસવાદના મુદ્દે વાતચીત કરશે

નવી દિલ્હી, તા.૧૮

વિદેશ પ્રધાન એસએમ કૃષ્ણાએ આજે ભારપૂર્વક કહ્યું છે કે તેઓ ત્રણ દિવસના પ્રવાસે જુલાઈના ત્રીજા સપ્તાહમાં પાકિસ્તાનની મુલાકાત લેશે. આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. કૃષ્ણા પાકિસ્તાનની યાત્રા દરમિયાન વેપાર, ૨૬/૧૧ના હુમલા સહિતના જુદા જુદા પાસાઓ ઉપર વિચારણા કરે તેવી શક્યતા છે. પાકિસ્તાનના વિદેશ પ્રધાન હિના રબ્બાની ખાન સાથે વાતચીત થશે. બંને પક્ષો તમામ જટીલ મામલાઓ ઉપર વાતચીતને આગળ વધારશે. કૃષ્ણા યાત્રા દરમિયાન પાકિસ્તાનના પ્રમુખ આસિફ અલી ઝરદારી અને અને વડાપ્રધાન યુસુફ રજા ગિલાની સાથે પણ વિસ્તારપૂર્વક વાતચીત કરશે. કૃષ્ણાએ સંસદના બહાર પત્રકારો સાથે વાતચીત કરતા

જણાવ્યુ હતું કે તેઓ ત્રણ દિવસ માટે જુલાઈના ત્રીજા સપ્તાહમાં ઈસ્લામાબાદની મુલાકાત લેશે આ યાત્રા દરમિયાન બંને પક્ષો તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરશે. ૨૦,૨૧ અથવા ૨૨મી જુલાઈની તારીખ નક્કી થાય તેવી શક્યતા છે. પાકિસ્તાનની યાત્રા કરવાની બાબતને કૃષ્ણાએ પ્રથમ વખત સમર્થન આપી દીધુ છે. એવું જાણવા મળ્યુ છે કે ભારતીય ટીમ આ આતંકવાદ, હફિઝ સઈદ અને મુંબઈના હુમલાના મામલાઓ ઉપર ચર્ચા કરશે. મુંબઈ હુમલાના મામલામાં ૭ આરોપીઓ સામે પાકિસ્તાનમાં ચાલી રહેલી ટ્રાયલની પ્રગતિની પણ સમીક્ષા કરવામાં આવશે. પાકિસ્તાનમાં કુખ્યાત ઝાકિ-ઉર-રહેમાન લખવી સહિત સાત લોકો સામે ટ્રાયલ ચાલી રહી છે. દ્વિપક્ષીયે વાતચીત દરમિયાન સર્ટીફાઈડ બિઝનેસમેન માટે વિઝાની વ્યવસ્થાને વધુ ઉદાર બનાવવાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરશે. આ સંબંધમાં એક સમજુતી ઉપર પણ ૨૪-૨૫મી મેના દિવસે હસ્તાક્ષર કરવામાં આવશે. ૨૪-૨૫મી મેના દિવસે ગૃહ સચિવ સ્તરની વાતચીત યોજાશે.

કિંગફિશરે ઇન્કમટેક્ષ રૂપે ૨૬૯ કરોડ ચુકવ્યા નથી

નવી દિલ્હી, તા.૧૮

વિજય માલ્યાની માલિકીની કિંગફિશર એરલાઈન્સ રોકડ કટોકટીનો સામનો કરી રહી છે ત્યારે આજે લોકસભામા સરકારે માહિતી આપી હતી કે કિંગફિશર એરલાઈન્સ પાસેથી ઈન્કમટેક્ષ પણ ૨૬૯.૦૬ કરોડ રૂપિયા માંગે છે. ઈન્કમટેક્ષ રૂપે આ જંગી રૂપિયા કિંગફિશરે ચુકવ્યા નથી હવે આઈટી વિભાગે ખાનગી કેરિયર સામે દંડ લાદવાની અને પ્રોસીક્યુશનની કાર્યવાહી હાથ ધરી છે. કિંગફિશર એરલાઈન્સને પગારની ચુકવણીમા પણ તકલીફ પડી રહી છે. નાણારાજ્ય પ્રધાન એસએસ પાલાણીમાણીક્કએ એક લેખિત પ્રશ્નના જવાબમા જણાવ્યુ હતુ કે કિંગફિશર એરલાઈન્સની હાલત ચોક્કસ પણે ક્ફોડી બનેલી છે. સરકારી ખાતામા નાણા પણ આવી રહ્યા નથી. તેમણે ઉમેર્યુ હતુ કે નાણા વસૂલ કરવા માટે પગલા લેવામા આવી ચુક્યા છે. કેટલીક રકમ વસૂલ પણ કરવામા આવી છે. એમ્પલોઈસ સ્ટેટ ઈન્શોયરન્સ કોર્પોરેશનના કેસમાં કિંગફિશર એરલાઈન્સના બેંગ્લોર યુનિટ સામે ૨૩.૪૨ લાખ રૂપિયા બાકી છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં

નાણા રાજ્યપ્રધાન નમો નારેન મીણાએ કહ્યુ હતુ કે સપ્ટેમ્બર ૨૦૧૧ના આંકડા મુજબ ખાનગી એરલાઈન્સો પર જાહેર ક્ષેત્રની બેંકોની ૧૫૭૦૦ કરોડનુ દેવુ છે. ૧૫૭૦૦ કરોડના જંગી દેવા પૈકી આશરે ૧૪૫૦૦ કરોડ રૂપિયા આઉટસ્ટેન્ડીંગ છે. તેમણે ઉમેર્યુ હતુ કે બેંકો ધિરાણદારો પાસેથી જુદી જુદી પ્રકારની સિક્યુરિટી મેળવીને લોન આપી રહી છે. જો કે કિંગફિશર એરલાઈન્સના સંબંધમાં પ્રધાને વધુ માહિતી આપી ન હતી. કિંગફિશર એરલાઈન્સમાં છેલ્લા ઘણા સમયથી હડતાળના કારણે પણ ક્ફોડી હાલત રહી છે. ઉપરાંત પાયલોટો અને સ્ટાફના અન્ય સભ્યોને પગારની ચુકવણી ન કરાતા મોટી સંખ્યામા સભ્યો કિંગફિશર સાથે છેડો પણ ફાડી ચુક્યા છે.

એપ્રિલમાં કન્ઝ્યુમર ફુગાવો વધી ૧૦.૩૬ ટકા થઈ ગયો

નવી દિલ્હી, તા.૧૮

શાકભાજી, ઓઈલ અને ફેટ, દુધ અને દુધની પ્રોડક્ટની કિંમતમા તીવ્ર વધારો થઈ રહ્યો છે ત્યારે એપ્રિલ મહિનામાં કન્ઝ્યુમર પ્રાઈઝ ફુગાવો બે આંકડામા પહોચી ગયો છે. જેથી આરબીઆઈ માટે વધુ ચિંતા વધી ગઈ છે. આરબીઆઈ ઉપર એક પછી એક પડકારો આવી રહ્યા છે એક બાજુ રૂપિયો સતત ઘટી રહ્યો છે બીજી બાજુ ફુગાવો પણ સતત વધી રહ્યો છે. વ્યાજદર હળવા કરવાની આરબીઆઈને ફરજ પડી શકે છે. યૂપીએ સરકાર માટે પણ બે આંકડામા ફુગાવાના કારણે ચિંતા વધી ગઈ છે. આજે કેન્દ્રીય આંકડાકીય કચેરી દ્વારા જારી કરવામા આવેલા આંકડામા જણાવવામા આવ્યુ છે કે પોઈન્ટ ટુ પોઈન્ટ બેજિક (એપ્રિલ ૨૦૧૨-એપ્રિલ ૨૦૧૧)ના આધાર પર એપ્રિલ ૨૦૧૨ માટે વાર્ષિક ફુગાવાનો દર ૧૦.૩૬ ટકા થયો છે જે માર્ચ ૨૦૧૨માં ૯.૩૮ ટકા હતો. ફુગાવાનો દર એપ્રિલ ૨૦૧૨માં ગ્રામીણ અને શહેરી વિસ્તાર બંને માટે ક્રમશઃ ૯.૮૬ અને ૧૧.૧૦ ટકા રહ્યો છે જ્યારે માર્ચ ૨૦૧૨ માટે ગ્રામીણ અને શેહરી વિસ્તારો માટે અંતિમ ફુગાવાનો રેટ ક્રમશઃ ૮.૭૦ ટકા અને ૧૦.૩૦ ટકા હતો. એક નિવેદનમાં આ મુજબની વાત આજે કરવામા આવી હતી. આંકડા દર્શાવે છે કે દેશભરમાં એપ્રિલ મહિનામા ઓઈલ અને ફેટની કિંમતમાં વાર્ષિક ૧૭.૬૩ ટકાનો વધારો થયો છે. જ્યારે શહેરી વિસ્તારોમા આ વધારો ૧૯.૭૩ ટકા છે. ગ્રામીણ વિસ્તારોમાં ઓઈલ અને ફેટની કિંમતમાં એપ્રિલમાં વાર્ષિક વધારો ૧૬.૬૫ ટકા છે. આવી જ રીતે શાકભાજીની કિંમતમાં એપ્રિલ મહિનામા વાર્ષિક વધારો ૨૪.૫૫ ટકા છે. શહેરી વિસ્તારમા વધારો ૩૨.૪૩ ટકા જ્યારે ગ્રામીણ વિસ્તારોમા શાકભાજીની કિંમતમાં વધારો ૨૧.૨૭ ટકા છે. દુધ અને દુધની પ્રોડક્ટની કિંમતમા વાર્ષિક વધારો એપ્રિલમાં ૧૪.૯૪ ટકા છે જ્યારે શહેરી વિસ્તારમા આ વધારો ૧૩.૮૫ ટકા અને ગ્રામીણ વિસ્તારમા આ વધારો ૧૫.૭૦ ટકા છે. નવેસરના આંકડા સાબિત કરે છે કે એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમા ભાવ ઉપર દબાણની સ્થિતિ છે. આરબીઆઈને ચોક્કસ પગલા લેવા પડી શકે છે. અર્થશાત્રીઓનુ કહેવુ છે કે એપ્રિલ સીપીઆઈના ડેટા દર્શાવે છે કે ભાવનુ દબાણ શાકભાજી અને ખાદ્યાન ચીજવસ્તુ સુધી મર્યાદિત છે.

ચાંદીની કિંમતમાં ૧૫૦૦ રૂપિયાનો નોંધપાત્ર વધારો

નવી દિલ્હી, તા.૧૮

શેરબજારમાં કારોબારના અંતે સુધારો થયો હતો ત્યારે બીજી બાજુ બુલિયન બજારમા પણ સુધારો જોવા મળ્યો હતો. અમદાવાદ બુલિયન બજારથી પ્રાપ્ત અહેવાલ મુજબ આજે કારોબાર દરમિયાન ચાંદીની કિંમતમાં ૧૫૦૦ રૂપિયા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો હતો.જ્યારે સોનાની કિંમતમાં પણ રૂપિયા ૬૫૦નો વધારો થયો હતો. સોના ચાંદી બજારમા વધારો થવા માટે કેટલાક પરિબળો જવાબદાર રહ્યા હતા. રૂપિયાને અંકુશમા લેવા માટે આરબીઆઈ દ્વારા લેવામા આવી રહેલા પગલાની અસર પણ જોવા મળી રહી છે. ચાંદીની કિંમત અમદાવાદ બુલિયન બજારમાં ૫૧૬૦૦થી ૫૨૧૦૦ બોલાઈ હતી જેની સરખામણીમાં આજે ચાંદીની કિંમતમાં ૫૩૧૦૦થી ૫૩૬૦૦ રહી હતી. જેથી ચાંદીની કિંમતમા સીધી રીતે ૧૫૦૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. આવી જ રીતે સોનાનો ભાવ ગઈકાલે ગુરુવારે ૨૮૫૦૦થી ૨૮૬૦૦ રહ્યો હતો જે આજે વધીને ૨૯૧૫૦થી ૨૯૨૫૦ નોંધાયો હતો. જેથી સોનાની કિંમતમાં ૬૫૦નો સુધારો થયો હતો. દરમિયાન નવી દિલ્હીથી પ્રાપ્ત અહેવાલ મુજબ સોનાની કિંમતમા મહત્વપૂર્ણ ૨૯૦૦૦ની સપાટી પાછી આવી ગઈ છે. દિલ્હીમાં રૂપિયા ૭૦૦ સુધીનો વધારો પ્રતિ દસ ગ્રામ બોલાયો હતો જે આ વર્ષે એક દિવસનો સૌથી મોટો વધારો છે. વિદેશી બજારમા મજબૂતીના પરિણામ સ્વરૂપે આ સ્થતિ નોંધાઈ છે વેપારીઓનુ કહેવુ છે લંડનમા સોનાની કિંમતમા ૦.૯ ટકાનો વધારો થતા તેની કિંમત ૧૫૮૭.૮૫ ડોલર સુધી પહોંચી છે. યુરો ઝોનમા દેવાની કટોકટીને લઈને ચિંતા વધી છે જેથી સંપત્તિના રક્ષણ તરીકે સોના માટેની માંગમાં વધારો થયો છે. ચાંદીની કિંમતમા પણ લંડનના બજારમાં ૧.૨ ટકાનો વધારો નોંધાયો છે. બીજુ કારણ એ છે કે શેરબજારમા ઉથલપાથલ જારી રહેતા રોકાણકારો હવે બુલિયન બજાર તરફ વળી રહ્યા છે.

મોદી ભાજપ કારોબારીમાં હાજરી આપે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૧૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૨૪મી મેથી શરૂ થતી ભાજપની રાષ્ટ્રીય કારોબારીની મિટીંગમાં હાજરી આપશે કે કેમ તેને લઈને સસ્પેન્સની સ્થિતી બનેલી છે ત્યારે પક્ષના મુંબઈ એકમને આશા છે કે નરેન્દ્ર મોદી ચોક્કસપણે કારોબારીમાં હાજરી આપશે.

મુંબઈ ભાજપના પ્રમુખ રાજ પુરોહિતે પત્રકાર પરીષદમાં આજે કહ્યું હતું કે મોદી રાષ્ટ્રીય કારોબારીના સભ્ય છે. અને તમામ સભ્યોને આમંત્રણ આપવામાં આવ્યું છે. મોદી અમારા પ્રિય નેતાઓમાં છે. અને આશા છે કે તેઓ હાજરી આપશે. રાષ્ટ્રીય કારોબારીની મિટીંગ ફાઈવ સ્ટાર હોટલમાં યોજાનાર છે. પુરોહિતે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર, રાષ્ટ્રીય સુરક્ષા, દુષ્કાળ, યુપીએ સરકારની બિનઅસરકારક કામગીરી જેવા મુદ્દાઓ ઉપર આમા ચર્ચા કરવામાં આવશે. આશરે ૫૦૦ જેટલા પ્રતિનિધી આમાં હાજરી આપશે. આ ઉપરાંત મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે. બે દિવસીય બેઠક બાદ જાહેર સભા પણ યોજાશે.

ઝારખંડના ૧૫ ધારાસભ્યોના આવાસ પર સીબીઆઈના દરોડા

રાંચી, તા.૧૮

સીબીઆઈએ હોર્સ ટ્રેડીંગના આક્ષેપોના મામલામાં ચાલી રહેલી તપાસના ભાગરૂપે આજે ઝારખંડના ૧૫ ધારાસભ્યોના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. સીબીઆઈના દરોડાના કારણે ભારે ખળભળાટ મચી ગયો હતો. ૩૦મી માર્ચના દિવસે રાજ્યસભાની ચૂંટણી દરમિયાન મોટા પાયે સભ્યોની ખરીદીની પ્રક્રિયા ચાલી હતી જેથી ચૂંટણીને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. આજે સવારના ગાળામાં સીબીઆઈની ૩૬ ટીમો જોરદાર કાર્યવાહી હાથ ધરી હતી. રાંચી, જમશેદપુર, હજારીબાગ, ગુડ્ડા, બિહારના બાંકા અને ગીરીદીહના ધારાસભ્યોના નિવાસ્થાન ઉપર એક સાથે દરોડા પાડવામા આવ્યા હતા. શાસક જેએમએમના ધારાસભ્ય અને વિપક્ષીય આરજેડી તથા કોંગ્રેસના ધારાસભ્યો પણ સંકજામા લેવામા આવ્યા હતા. સૂત્રોએ કહ્યુ છે કે અધિકારીઓએ કોલકાતામાં પણ એક સ્થળ ઉપર દરોડા પાડવામા આવ્યા હતા. ઉપલા ગૃહની ચૂંટણીમા મેદાનમા રહેલા એક અપક્ષ ઉમેદવારના આવાસ ઉપર પણ દરોડા પાડવામા આવ્યા હતા. ૨૧મી એપ્રિલના દિવસે સીબીઆઈએ ત્રણ ધારાસભ્યોના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. તપાસટીમના અધિકારીઓને મત પેટીઓ પણ મળી આવી હતી. દરોડાની કાર્યવાહીને ખૂબ જ ગુપ્ત રાખવામા આવી હતી.

યેદિયુરપ્પા હવે નવી પાર્ટી બનાવે તેવી પ્રબળ શક્યતા

બેંગ્લોર, તા.૧૮

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમત્રી બીએસ યેદિયુરપ્પા હાલમાં માઈનીંગ કોભાંડના સંબંધમાં જુદા જુદા આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. તેમના આવાસ ઉપર દરોડા પણ પાડવામા આવી ચુક્યા છે. ભાજપના ટોચના નેતાઓ તેમની સતત અવગણના કરી રહ્યા છે ત્યારે હવે યેદિયુરપ્પા તેમની નવી પાર્ટી બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. યેદિયુરપ્પા તેમની નવી યોજનાના ભાગરૂપે નવી ઓફિસમાં જઈ રહ્યા છે. યેદિયુરપ્પાની આ ઓફિસ પાર્ટીની મુખ્ય ઓફિસથી થોડાક જ અંતરે સ્થિત છે અહીં ભાજપની જુની ઓફિસ પણ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી રેસકોર્સ રોડ ઉપર તેમના આવાસને પણ ખાલી કરી રહ્યા છે જ્યા તેઓ ૨૦૦૪માં વિપક્ષના નેતા તરીકે રહ્યા હતા ત્યાર બાદ વર્ષ ૨૦૦૬માં નાયબ મુખ્યમંત્રી તરીકે અને ૨૦૦૮માં મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. આ આવસને શુભ તરીકે તેઓ ઘણી રહ્યા હતા.

નવા પેન્શનરોને આવરી લેવા લાયકાત વય વધારવા તૈયારી

નવી દિલ્હી, તા.૧૮

એમ્પલોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેનશન (ઈપીએફઓ) દ્વારા નવા પેન્શનરોને આવરી લેવા માટે ઉંચી લાયકાત વય ઉપર વિચારણા શરૂ કરી છે. ઈપીએફઓએ સૂચન કર્યુ છે કે જો ખાનગી સેક્ટરના કર્મચારીઓને હાલમાં ૫૮ વર્ષની વયના બદલે ૬૦ વર્ષની વય પેન્શન આપવામા આવે તો હજુ સુધી કોઈપણ પ્રકારની પેન્શન નહી મેળવતા વર્કરોને પણ રૂપિયા એક હજાર સુધીના માસિક પેન્શન આપવા સુધીની બાબત શકય બની શકે છે. એક નવી દરખાસ્ત ઉપર ચર્ચા ચાલી રહેલી ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીમાં પ્રતિનિધીઓ અને કર્મચારીઓ વચ્ચે આ વિષય ઉપર વાતચીત થઈ છે. વારંવારની વાતચીત કોઈપણ પરિણામ વગર પુરી થઈ છે કારણ કે સર્વ સંમતિ સધાઈ શકી નથી. આ સ્કીમ માટે નાણા કોણ આપશે તેને લઈને દુવિધા રહી છે. ૧.૫ મિલિયન વર્કરોને એક હજાર રૂપિયા લઘુત્તમ પેન્શન ચુકવવા વર્તમાન પ્રોવિડન્ડ ફંડના ફાળામાં ૦.૬૩ ટકાના વધારાની જરૂર છે તેવો અંદાજ કાઢવામા આવ્યો છે. નવા વર્કરોને આવરી લેવા આ વ્યવસ્થા કરવી ખૂબ જ મુશ્કેલ છે. આ સ્કીમથી તિજોરી ઉપર વાર્ષિક ૬૩૭ કરોડનો બોજ વધશે. હજુ સુધી કર્મચારીઓ, કંપનીઓના માલિકો, અને શ્રમમંત્રાલયના પ્રતિનિધીઓ કોઈપણ નિર્ણય ઉપરપહોંચી શકયા નથી. વધારાનો બોજ કોણ ઉપાડશે તે પ્રશ્ન તમામને સતાઈ રહ્યો છે. યોગદાનમા વધારો પહેલાથી જ કર્મચારીઓને મળી રહેલા પેન્શન કરતા અલગ છે. ઈપીએફઓએ નાણા મંત્રાલયને રજૂ કરેલી તેની ભલામણોમાં કહ્યુ છે કે કર્મચારીઓએ બોજમા હિસ્સેદારી લેવી જોઈએ. પેન્શન માટેની વય ૫૮થી વધારીને ૬૦ કરવી જોઈએ આનાથી ખાનગી સેક્ટરમાં અસર થશે. હાલમા નિવૃત્તિની વય ૫૮ વર્ષ છે. ઈપીએફઓ ૩.૫ મિલિયન પેન્શનરો ધરાવે છે જે પૈકી ૧.૪ મિલિયન લોકોને ૫૦૦ રૂપિયાથી પણ ઓછી પેન્શન મળે છે.